# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-11-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## ખાસ મતદાર યાદી સઘન સુધારણ ઝુંબેશ:

કેન્દ્રીય ચૂંટણીપંચે 12 રાજ્યમાં ખાસ મતદારયાદી સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે, ત્યારે સરનાં ટૂંકાં નામે ઓળખાતી આ સ્પેશિયલ ઈન્ટેસિવ રિવિઝન કામગીરી કચ્છમાં પણ આજથી શરુ થઇ છે.

જીલ્લાના કુલ 6 વિધાનસભા મત વિસ્તારો માટે કુલ ૧૮૪૮ મતદાન મથકોના બી.એલ.ઓ આજથી આગામી તારીખ ૪ ડીસેમ્બર સુધી હાઉસ ટુ હાઉસ મુલાકાત કરીને કુલ ૧૬,૯૦,૫૮૪ મતદારો પાસે ગણતરી ફોર્મ આપવાનું શરુ કર્યું છે. હાઉસ ટુ હાઉસ મુલાકાત દરમિયાન મતદારોએ કોઈ પણ પ્રકારના દસ્તાવેજ આપવાની જરૂર નથી તેમ જણાવવામાં આવ્યુ છે. મતદારયાદીમાં પોતાનું નામ તથા ૨૦૦૨ ની મતદારયાદી વેબસાઈટ voters.eci.gov.in પર ચકાસી શકાશે.મતદાર રજીસ્ટ્રેશન સંબધિત કોઈ પણ માહિતી/માર્ગદર્શન માટે ૧૯૫૦ હેલ્પલાઈન અથવા બી.એલ.ઓનો સંપર્ક કરવા જણાવાયુ છે. જિલ્લાના નાગરીકોને મતદારયાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન ગણતરીફોર્મ ભરવા માટે બુથ લેવલ ઓફિસરોને સહયોગ કરવા જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર, કચ્છ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

---

## સ્વદેશી મેળો :

ભુજ શહેરના મુંદરા રોડ પર આવેલા હાટ બજાર સંકુલમાં ગાંધી શિલ્પ બજાર સ્વદેશી મેળાનો પ્રારંભ થયો છે. આ મેળામાં કચ્છી કારીગરો સહિત દેશભરના કારીગરો પોતાના ઉત્પાદનોનું નિદર્શન અને વેચાણ કરી રહ્યા છે. સાંસદ વિનોદ ચાવડાએ પ્રદર્શનીનું ઉદ્ઘાટન કરી વેચાણકર્તાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ સ્વદેશી મેળાનું આયોજન કચ્છ કલ્યાણ સંઘ દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં કચ્છના હસ્ત કારીગરો ઉપરાંત બિહાર અને રાજસ્થાન સહિતના રાજ્યોમાંથી કુલ 40 કારીગરો ભાગ લઈ રહ્યા છે. તેઓ સાત દિવસ સુધી હેન્ડલૂમ, હેન્ડીક્રાફ્ટ અને હેન્ડ આર્ટ જેવી હાથ બનાવટની વસ્તુઓનું પ્રદર્શન અને સીધું વેચાણ કરશે.

આ આયોજનનો મુખ્ય હેતુ 'લોકલ ફોર વોકલ'ને પ્રોત્સાહન આપવાનો અને હસ્તકલાના કારીગરો તથા જૂની હસ્તકળાને ટકાવી રાખવાનો છે. સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું કે, સરકારના લોક અભિગમથી આવા આયોજનો દ્વારા હસ્ત કારીગરોને તેમની કલા માટે યોગ્ય આવક મળી રહી છે.

---

## BSF-મોટર સાયકલ રેલી:

સીમા સુરક્ષા દળ BSF ના ૬૧મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય એકતાની જ્યોત પ્રજ્વલિત કરવાના ઉદ્દેશ્યથી BSF દ્વારા જમ્મુ થી ભુજ સુધી ૧૨-દિવસીય મોટરસાયકલ રેલી યોજાશે.

BSF પાસેથી મળેલી સત્તાવાર વિગતો મુજબ, “સરહદોની સુરક્ષા – સંબધોને મજબૂત બનાવવા” ના સૂત્ર સાથે યોજાનાર આ રેલી જમ્મુથી આગામી નવમી નવેમ્બરે રવાના થશે જે ૨૦ મી નવેમ્બરે ૧૭૬ બટાલિયન BSF, હરિપર, ભુજ ખાતે પહોંચશે. ૧,૬૪૮ કિલોમીટર લાંબી આ રેલીમાં ગુજરાતના ૧૨ સહીત 60 જેટલા મોટર સાયકલ રાઇડર્સ જોડાશે.

આ યાત્રા દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષામાં BSF ના ભવ્ય યોગદાનને યાદ કરવાની સાથે સાથે ડ્રગ્સના દુરુપયોગ સામે ચેતવણી અને જાગૃતિ, દરેક ભારતીયના હૃદયમાં દેશદાજમાં વધારો થાય તેમજ રાષ્ટ્રની એકતા, સંવાદિતા અને પ્રેમના બંધનની એક તાંતણે બાંધવા માટેના પ્રયત્નો કરવામાં આવશે.

આ માટેના યાત્રાના દરેક પડાવ પર BSF ની ડોકયુમેન્ટરીનું સ્ક્રીનિંગ, BSF માં કારકિર્દી ઘડવા અંગે પ્રેરક ઑડિઓ-વિઝ્યુઅલ શો, સંવાદાત્મક સત્રો, સાંસ્કૃતિક પ્રદર્શન અને દેશભક્તિની પ્રતિજ્ઞાઓ, વગેરે યોજાશે.

---

## CA-પરીક્ષાનું પરીણામ:

ધી ઇન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા દ્વારા લેવાયેલી સપ્ટેમ્બર-2025ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે.

આ પરીક્ષામાં ભુજ સેન્ટર પરથી ફાઇનલ પરીક્ષામાં બંને ગ્રુપ પાસ કરનાર આઠ વિદ્યાર્થી, એક ગ્રુપ પાસ કરનાર 11 વિદ્યાર્થી, ઇન્ટરમીડિયેટ પરીક્ષા પાસ કરનાર 12 વિદ્યાર્થી તથા ફાઉન્ડેશન પરીક્ષા પાસ કરનાર 31 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, ભુજ સેન્ટરના નેમ લોદરિયાએ સી.એ. ફાઇનલ પરીક્ષામાં ઓલ ઈન્ડિયા રેન્ક 38 મેળવી સમગ્ર કચ્છનું નામ રોશન કર્યું છે.

પરિણામ જાહેર થયા બાદ આઈસીએઆઈ ભુજ શાખા દ્વારા નવા પાસઆઉટ થયેલ વિદ્યાર્થીઓ સાથે સંવાદનો કાર્યક્રમ યોજાયો હતો. શાખાના ચેરમેન સી.એ. ભાર્ગવ એન. શંકરવાલાએ જણાવ્યું કે, ભુજ શાખાના વિદ્યાર્થીઓ સતત ઉત્તમ પરિણામો મેળવી રહ્યાં છે, જે શાખાનાં માર્ગદર્શન અને વિદ્યાર્થીઓના પરિશ્રમનું  પ્રતાબિંબ છે. સફળ થયેલા વિદ્યાર્થીઓએ પણ પોતાના અનુભવો વર્ણવ્યા હતા.

---

## સર્વાઇકલ કેન્સર:

ગાંધીધામ ઇન્નરવ્હીલ ક્લબ દ્વારા નાની ઉંમરની દીકરીઓમાં કેન્સર અંગે જાગૃતિ લાવવા અને રસીકરણ દ્વારા તેમની તંદુરસ્તીનું રક્ષણ કરવાના હેતુથી કિડાણા કન્યા પ્રાથમિક શાળા ખાતે શિબિર યોજાઈ હતી.

જેમાં નવ વર્ષથી લઈને 14 વર્ષ સુધીની 147 બાળકીઓને સર્વાઇકલ કેન્સરની રસી આપવામાં આવી હતી.

---

## મુન્દ્રા APMC ચુંટણી:

છેલ્લા થોડા દિવસોથી ચર્ચામાં રહેલી મુંદરા તાલુકા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ડાયરેક્ટરની ચૂંટણીમાં અંતે તમામ 15 ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે. મુંદરા એપીએમસીના ઇતિહાસમાં પ્રથમવાર એવું બન્યું છે કે, જ્યારે તમામ ઉમેદવારો બિનહરીફ થયા છે.

સત્તાવાર વિગત મુજબ એપીએમસી મુંદરાની વર્ષ 2025ની સામાન્ય ચૂંટણીમાં ખરીદ-વેચાણ મંડળી વિભાગમાં એક બેઠક માટે એક ઉમેદવારી આવતાં અને વેપારી વિભાગમાં ચાર બેઠક માટે ચાર ઉમેદવાર આવતાં તમામ પાંચ બેઠક અગાઉ જ બિનહરીફ થઈ ચૂકી હતી. ખેડૂત વિભાગમાં રહેલા 12 ઉમેદવારમાંથી બે ઉમેદવારે ફોર્મ ખેંચી લેતાં અગાઉના પાંચ સાથે હવે તમામ 10 ઉમેદવારો બિનહરીફ ડાયરેક્ટરો તરીકે ચૂંટાઈ આવ્યા છે.

---